ઉદ્યમી અને પ્રવૃત્ત વ્યક્તિ પાસે અશ્રુ સારવાનો પણ સમય હોતો નથી
- બાયરન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭ | ૨૯ માર્ચ, ૨૦૧૩, શુક્રવાર; ફાગણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાનો ૧૭૯૨ કરોડનો ધિરાણ પ્લાન

## ચાલુ નાણાંકીય વર્ષની તુલનામાં ૧૧ ટકાનો વધારો : કૃષિક્ષેત્રમાં ૪ ટકા, ટ્રેડ એન્ડ સર્વિસીઝમાં ૨૨ ટકા તેમજ લઘુ ઉદ્યોગમાં ૨૪ ટકા ધિરાણનો વધારો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાનો વર્ષ ૨૦૧૩-૧૪નો ધિરાણ પ્લાન રૂ. ૧૭૯૨ કરોડનો આજે વિધિવત્ રીતે જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપના હસ્તે જાહેર કરવામાં આવ્યો હતો. જે ચાલુ વર્ષની તુલનામાં ૧૧ ટકાનો વધારો છે.

લીડ બેંક દ્વારા જિલ્લાની ૩૪ બેંકો માટે તૈયાર કરાયેલ આ ધિરાણ પ્લાન ચાલુ વર્ષની તુલનામાં રૂ. ૨૩૫ કરોડનો વધારો સૂચવે છે. ચાલુ વર્ષે આ ધિરાણ પ્લાનમાં ૭૦ ટકા ધિરાણ રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા કરાશે જ્યારે ૨૩ ટકા જેટલું ધિરાણ ગ્રામીણ અને સહકારી બેંકો દ્વારા કરવામાં આવશે અને ૭.૫૦ ટકા જેટલુ ધિરાણ ખાનગી બેંકો દ્વારા કરાશે.

આ ધિરાણ પ્લાનમાં સર્વિસ સેક્ટરને અગ્રતા આપવામાં આવી છે. કૃષિક્ષેત્રના ધિરાણમાં ૪ ટકાનો વધારો કરાયો છે જ્યારે મધ્યમ અને લઘુ ઉદ્યોગોને ધિરાણ માટે ૨૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

૨૦૧૨-૧૩માં ધિરાણ પ્લાન રૂ. ૧૫૫૭ કરોડનો હતો જે ૨૦૧૩-૧૪માં વધારીને રૂ. ૧૭૯૨ કરોડનો કરવામાં આવ્યો છે.

સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રાથમિક ક્ષેત્રમાં રૂ. ૧૬૪૫.૪૧ કરોડનો લક્ષ્યાંક છે જ્યારે ખેતીવાડી ક્ષેત્રમાં રૂ. ૯૯૮.૮૮ કરોડના ધિરાણનો અને નોન-ફાર્મ સેક્ટરમાં ૧૩૯ કરોડના ધિરાણનો અને અન્ય પ્રાથમિક ક્ષેત્રમાં રૂ. ૫૫૭ કરોડના ધિરાણનો અંદાજ આ પ્લાનમાં રાખવામાં આવ્યો છે.

આજે આ અંગે જિલ્લા સ્તરીય સલાહકાર અને સમીક્ષા સમિતિની મળેલી બેઠકમાં સર્વિસ એરિયા ક્રેડીટ પ્લાન ૨૦૧૨-૧૩માં ડિસેમ્બર-૨૦૧૨ અંતિત કામગીરી તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી અને તેને આધાર બનાવી આ પ્લાન રજુ કરવામાં આવ્યો હતો.

આ ધિરાણ પ્લાનમાં ૯૫,૪૨૯ જેટલા લાભાર્થીઓને આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ લક્ષ્યાંકમાં ૧૪૮૪ જેટલી મહિલા લાભાર્થીઓને આવરી લઈ રૂ. ૯ કરોડ જેટલું ધિરાણ આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

આ ધિરાણપ્લાનમાં તાલુકાવાર ફાળવણી જોઈએ તો ગાંધીનગર તાલુકામાં ૪૭ ટકા, દહેગામમાં ૧૮ ટકા, માણસામાં ૧૪ ટકા તથા કલોલ તાલુકાને ૨૧ ટકા હિસ્સો ફાળવવામાં આવ્યો છે.

જિલ્લાના વિકાસને સંતુલિત બનાવવા માટે સર્વિસ સેક્ટરમાં ૨૨ ટકા જેટલો વધારો સૂચવવામાં આવ્યો હોવા ઉપરાંત લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો માટે ૨૪ ટકાનો વધારો સૂચવવામાં આવ્યો છે. કૃષિક્ષેત્રે પણ ૪ ટકાનો વધારો સૂચવવામાં આવ્યો છે. આમ સર્વાંગી વિકાસને વધુ અગ્રતા આપવામાં આવી છે.

નવુ નાણાંકીય વર્ષ ૧લી એપ્રિલથી શરૂ થઈ રહ્યું છે. જિલ્લામાં સ્વરોજગારીની યોજનાઓની જે અરજીઓ પડતર છે તેના ઝડપી નિકાલ માટે જિલ્લા કલેક્ટરશ્રીએ તાકીદ કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે જિલ્લામાં વિકાસના તમામ પાસાંઓને આવરી લઈ જે ધિરાણ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે તેને

● અનુસંધાન પાન-૭ પર





રંગ-ઉમંગ : રંગોનું પર્વ એટલે ધૂળેટી... શેરીથી લઈ અને ક્લબો સુધી વિસ્તરેલું આ ઉમંગનું પર્વ રંગોથી છવાયું હતું. રંગોના આ ઉત્સવમાં નિર્દોષ મસ્તી અને આનંદ છલકાઈ રહ્યો છે. **(તસવીર : દિપક જાની)**

# તાલુકા પંચાયતનું અંદાજપત્ર મંજુર

## ખાસ સામાન્ય સભામાં ૧૩ કરોડની પુરાંતવાળુ બજેટ સર્વાનુમતે મંજૂર કરાયું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભાએ વર્ષ-૨૦૧૩-૧૪માં રૂ. ૧૩ કરોડની પુરાંત દર્શાવતુ બજેટ સર્વાનુમતે પસાર કર્યું છે.


તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળાજી રાઠોડના અધ્યક્ષપદે મળેલ આ ખાસ સામાન્ય સભામાં ૧૦-૧-૨૦૧૩ની કારોબારી સમિતિએ મંજૂર કરેલ બજેટ રજુ કરવામાં આવ્યું હતું. આ બજેટની સાથે ૨૦૧૨-૧૩નું સુધારેલુ બજેટ પણ રજુ કરવામાં આવ્યુંહતું. આમ સુધારેલુ બજેટ ચાલુ વર્ષનું તેમજ આગામી નાણાંકીય વર્ષનું બજેટ ઉપરાંત મનરેગાનું તાલુકા માટે રૂ. ૧ કરોડ પાંચ લાખનું લેબર બજેટ બહાલ રાખવામાં આવ્યું છે.

તાલુકા પંચાતની ચૂંટણીને કારણે બજેટ મંજૂર કરવામાં વિલંબ થયો છે તેમજ ૩૧ માર્ચ પહેલા બજેટ મંજૂર કરવુ જરૂરી હોવાથી આજે ખાસ સામાન્ય સભા યોજી આ બજેટ રજુ કરવામાં આવ્યા હતા.

આ બજેટમાં સને-૨૦૧૩-૧૪ની સ્વભંડોળની આવકમાં મુખ્યત્વે જમીન મહેસુલની આવક ૨૦૦.૦૦ લાખ અંદાજવામાં આવેલ છે. જે સરકારશ્રી દ્વારા ફાળવણી કરાતી ગ્રાન્ટમાંથી આ સદરની ૨૫ ટકા લેખે તાલુકા પંચાયતને મળતો હિસ્સો અંદાજવામાં આવેલ છે. જે ગતસાલ મળેલ ગ્રાન્ટ નજર સમક્ષ રાખીને દર્શાવેલ છે. જ્યારે તેની સામે સ્વભંડોળ સદરે પંચાયતના વિકાસના કામો/બાંકડા ખરીદી પેટે ૧૪૦.૫૦ લાખનો કર્ચ દર્શાવવામાં આવેલ છે. જેનું આયોજન અગાઉની કારોબારી સમિતિમાં તથા સમાન્ય સભામાં મંજુર કરેલ દરેક સદસ્ય દીઠ રૂ. ૫.૦૦ લાખ સુધીના વિકાસના કામો તથા ૨૦ બાંકડા ખરીદી કરી જાહેર સ્થળો જેવા કે બગીચો, બસ સ્ટેન્ડ, ધાર્મિક સ્થળ, દવાખાનું વિગેરે જગ્યાએ મુકવાનું આયોજન છે. તથા સોલાર લાઈટ અને પીવાના પાણીની સગવડો માટે આયોજનમાં સમાવેશ કરી ખર્ચ પાડવાનું નક્કી કરવામાં આવેલ છે.

સરકારી સદરે ૭૦૧૭.૫૦ લાખની આવક દર્શાવેલ છે. તથા સામે ૭૦૦૩.૫૦ લાખનો ખર્ચ દર્શાવેલ છે. દેવા વિભાગમાં પણ ૨૧૧.૦૦ લાખની આવક સામે ૧૮૬.૦૦ લાખનો ખર્ચ દર્શાવેલ છે.

## અલૌકિક રંગોત્સવ





પુષ્પદોલ - પૂજ્ય પ્રમુખ સ્વામીની નિશ્રામાં શાહીબાગ સ્વામીનારાયણ મંદિર ખાતે ધૂળેટીના દિવસે અનોખો રંગોત્સવ યોજાયો હતો. જળસંકટને ધ્યાનમાં લઈ વિવિધ રંગોના પૂષ્પોની પાંખડીઓની વૃષ્ટિ કરાઈ હતી. લાલ, પીળા, ગુલાબી, જાંબલી, સફેદ રંગોના પુષ્પોની પાંખડીઓની પુષ્પ વૃષ્ટિ ભાવિકો ઉપર પૂજ્ય પ્રમુખ સ્વામી અને સંતોના હસ્તે કરાઈ હતી. ૨૦ હજારથી વધુ ભાવિકોએ આ અનોખા આશીર્વાદનો દિવ્ય લાભ લીધો હતા. આ પ્રસંગે અલૌકિક વાતાવરણની અનુભૂતી સર્જાઈ હતી.

# ગુણોત્સવમાં વિદ્યાર્થીના નામ સાથે પ્રશ્નપત્ર આપી તેનું મૂલ્યાંકન કરાશે

## ૧૨મી એપ્રિલના રોજ ગુણોત્સવના આયોજન અને મૂલ્યાંકનમાં આમૂલ પરિવર્તન
## ૬૦ ટકા ગુણાંક મૂલ્યાંકનને આધારે ૪૦ ટકા સુવિધાના મૂલ્યાંકનને લઈ અપાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના શિક્ષણ વિભાગે આ શૈક્ષણિક વર્ષના ગુણોત્સવમાં આમૂલ પરિવર્તન કરી અને તેનું આયોજન ૧૨મી એપ્રિલના રોજ કરવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વેળાએ ગુણોત્સવના મૂલ્યાંકનમાં ૬૦ ટકા બાળકના મૂલ્યાંકનને આધારે તેમજ ૪૦ ટકા ગુણાંક શાળાની શૈક્ષણિક સુવિધાઓને આધારે અપાશે.

રાજ્યના શિક્ષણ વિભાગે આ ગુણોત્સવમાં નવતર અભિગમના ભાગરૂપે ઉચ્ચ પ્રામિક શાળામાં બાળકના નામ સાથેની ઓ.એમ.આર. સીટ આપી અને તેના ઉત્તરો મેળવશે. આ ઓ.એમ.આર. પદ્ધતિનું મૂલ્યાંકન પણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવશે.

શાળાની શૈક્ષણિક સુવિધાો અંગે પણ એક અલગથી પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી છે. જે ઉત્તરવહીઓ સાથે અલગથી સિલબંધ કવરમાં શિક્ષણ વિભાગને આપવાની રહેશે.

ધો. ૨ થી ૫ માટે વાંચન-લેખન અને ગણન એમ ત્રણ પ્રકારના અલગ-અલગ ટેસ્ટ લેવામાં આવસે જ્યારે ૫ થી ૮ માટે હેતુલક્ષી પ્રશ્નપત્ર જ સીધુ આપવામાં આવશે. આ બધી ઉત્તરવહીઓનું મૂલ્યાંકન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા થશે.

ગુણોત્સવમાં મૂલ્યાંકન માટે અધિકારીઓ જતા હતા તે આ વખતે જશે નહિ. આ ઉપરાંત કેન્દ્રીય મૂલ્યાંકન થશે.

દરમ્યાન પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાની સાતસોથી વધુ પ્રા. શાળાઓમાં આ ગુણોત્સવના આયોજન માટે ૧૦૦ જેટલી જુદી જુદી ટીમો બનાવવામાં આવશે. જે ટીમો શાળાઓને પ્રશ્નપત્રો આપશે એટલુ જ નહિ તે મેળવી અને રાજ્ય પરીક્ષા બોર્ડ સુધી મોકલી આપશે. આ ટીમોને માત્ર ને માત્ર મોનીટરીંગની કામગીરી જ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ૧લી અને ૨જીએ જિલ્લાના આચાર્યોની સાથે આ માટે બેઠકોનો દોર રાખવામાં આવ્યો છે એટલું જ નહિ વિસ્તૃત માર્ગદર્શન માટે ૯મીએ શિક્ષણમંત્રીશ્રી ચુડાસમા ટેલિ કોન્ફરન્સથી દરેક શાળાના આચાર્યોને સંબોધશે.

ગાંધીનગર જિલ્લામાં હાલ પ્રિ. ગુણોત્સવ ચાલી રહ્યો છે અને આ વેળાના ગુણોત્સવમાં સારા પરિણામની આશા જિલ્લાતંત્ર રાખી રહ્યું છે. મળતી વિગતો પ્રમાણે શાળાઓ દ્વારા આ ગુણોત્સવને પગલે એક સપ્તાહ વાર્ષિક પરીક્ષાઓ પણ મોડી લેવાનો નિર્ણય કરાયો છે.

અગાઉ રાજ્ય સરકારે ગુણોત્સવમાં સામાજિક સંસ્થાઓને જોડવાનો નિર્દેશ આપ્યો હતો પરંતુ વિધાનસભાની ચૂંટણીને પગલે તે વિકલ્પ પડતો મુકી ગુણોત્સવની મૂલ્યાંકન પદ્ધતિમાં જ આમૂલ પરિવર્તન કરી ગુણોત્સવનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પહેલા ગુણોત્સવ ત્રિ દિવસીય રહેતો હતો હવે એક જ દિવસે એક સાથે આ યોજવામાં આવશે.

# સેટ ટોપ બૉક્સ અમલીકરણ પર વચગાળાનો મનાઈ હુકમ

અમદાવાદ, તા.૨૮

સેટટોપ બૉક્સની અમલની મુદત લંબાવવા માટે કરાયેલી રીટ અરજી પર ગુજરાત હાઈકોર્ટ વચગાળાનો મનાઈ હુકમ ફરમાવતા આઠમી એપ્રિલ સુધી સુનાવણી મુલતવી રાખી હતી.આની સાથે જ તમામ લોકોને હાલ પુરતી રાહત મળી ગઈ છે. સેટ ટોપ બોક્સને લઈને હાલમાં તમામ પરિવારોમાં ભારે ચર્ચા હતી. વહેલી તકે બોક્સ મુકવા રજૂઆત પણ કરવામાં આવી રહી હતી. રાજ્ય સરકાર દ્વારા પ્રસિદ્ધ કરોલ સેટ ટોપ બૉક્સના અમલના જાહેરનામા પર હાઈકોર્ટ વચગાળાનો મનાઈહુકમ આપ્યો છે. જાહેરહિતની અરજીમાં રજુઆત કરાઈ હતી કે સેટ ટોપ બૉક્સ મોટાભાગે ચીનમાંથી આવતા હોય છે. હાલ ચીમાં નવા વર્ષની ઉજવણી ચાલી રહી હોવાથી આટલી મોટી માત્રામાં સેટટોપ બૉક્સ મેળવવા મુસ્કેલ છે તેથી સમયમર્યાદા લંબાવવી જોઈએ.

કેન્દ્રિય માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા પ્રસારણનું ડિજિટલાઈઝેશન કરવા જાહેર પાડેલ જાહેરનામાનું અમલ કરવા ૩૧મી માર્ચ છેલ્લી તારીક છે. સમગ્ર દેશમાં

● અનુસંધાન પાન-૭ પર

For 11th entering students:
Batch for
JEE Main/Advanced,NEET,Boards
starts on
1st April
(First 15 days : FREE DEMO)

IITeasy
We really make it easy

Other Courses:
12th entering JEE Main/NEET/Boards
8th Foundation for IIT/NEET
9th,10th Foundation+Boards

Permanent Faculty
SANKARSAN SIR (Rank-102 in IITJEE)
AKHILESH SIR (Rank-1455 in IITJEE)
VIKAS SIR ( DA-IICT )
Contact:9537782997,9327074778,9723143889
Classes at : St.Xavier's School,Gandhinagar

